https://zeenews.india.com/gujarati/gujarat/gujarat-news-latest-news-of-gujarat-education-grant-collage-students-business-311609

# કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉદ્યોગો શરૂ કરવા સરકાર આટલા રૂપિયાની સહાય આપશે

ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં "વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસી" સંદર્ભે EDII સાથે MOU કરાયા.

Last Updated: Nov 29, 2023, 12:40 PM IST



**ઝી બ્યૂરો, અમદાવાદઃ** ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં "વિધાર્થી ઉધોગ સાહસિકતા પોલીસી" સંદર્ભે EDII સાથે MOU કરવામાં આવ્યાં. જે અંતર્ગત પ્રારંભિક તબક્કે  ૫૦૦ જેટલા નોડલ ઓફિસર નિયુક્ત કરીને ૨,૦૦૦ જેટલા વિધાર્થીઓને લાભ અપાશે. રાજ્યના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે "વિધાર્થી ઉધોગ સાહસિકતા પોલીસીની અસરકારક અમલવારી માટે EDII (એન્ટરપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડિયા) સાથે MOU કરવામાં આવ્યા હતા.
રાજ્યની સરકારી બિન સરકારી અનુદાનિત આર્ટ, સાયન્સ, કોમર્સ, બી.એડ, લો કોલેજો તથા ગ્રામ્ય વિધાપીઠમાં અભ્યાસ કરતા વિધાર્થી/વિધર્થીનીઓને અભ્યાસની સાથે સાથે ઉધોગ સાહસિકતા વિકસાવવા તથા તેઓને પ્રોત્સાહન આપવાના ભાગ રૂપે રાજ્ય સરકારે "વિધાર્થી ઉધોગ સાહસિકતા

આ પોલીસીની અસરકારક અમલવારી માટે જ આજે આ MOU કરવામાં આવ્યા છે. આ પોલીસી અંતર્ગત પ્રારંભિક તબક્કે ૫૦૦ જેટલા નોડલ ઓફીસરની નિયુક્તિ કરીને કૉલેજમાં અભ્યાસ કરતા ૨૦૦૦ થી વધુ વિધાર્થીઓ/વિધાર્થીનીઓને ઉધોગ સાહસિકતા નીતિ પ્રોગ્રામ હેઠળ આવરી લઇ પસંદગી પામેલ વિધાર્થીઓ તેઓને નાના ઉધોગો શરૂ કરવા માટે ૪૦,૦૦૦/- રૂપિયા જેટલી આર્થિક સહાય ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

જેના ફળસ્વરૂપે વિધાર્થીઓમાં રહેલા નવોન્મેષ વિચારો, સ્કીલ ને પ્લેટફોર્મ મળશે અને સમાજમાં નવા આંતરપ્રિન્યોર્સ તૈયાર થશે. આ MOU પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મુકેશકુમાર, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી પરિમલ પંડ્યા પણ ઉપસ્થિત રહ્યાં હતા.